**અગ્રતા–૪**

**શ્રી મોહનભાઇ ઢોડીયા (મહુવા)**

**પ્રશ્ન–૧:** છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું?

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિર દીઠ ખર્ચ માટે જોગવાઇ કેટલી છે?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી** માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..

રાજ્યમાં પશુપાલકો સ્વતંત્ર રીતે પશુપાલનનો વ્યવસાય કરતા થયા છે ત્યારે પશુપાલકોને તે અંગેની અદ્યતન વૈજ્ઞાનિક માહિતી મળી રહે તે માટે તાલુકા અને જિલ્લા કક્ષાની શિબીરોનુ આયોજન કરવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

જેમાં પશુપાલકોને પશુ સારવાર, પશુ રસીકરણ, પશુ પોષણ, પશુ માવજત ,પશુ સંવર્ધન અને નવિનતમ ટેકનોલોજીનુ જ્ઞાન તજજ્ઞો દ્વારા આપવામાં આવે છે. જેના થકી પશુપાલકોના જ્ઞાનમાં વધારો થવાથી તેઓ વધુ દૂધ ઉત્પાદન મેળવી આવકમાં વધારો કરી શકે છે.

**માન. અધ્યક્ષશ્રી**

આ શિબીરોમાં મેળવેલ જ્ઞાન થકી પશુપાલકો પશુમાં ફેલાતા ચેપી રોગો વિષે માહિતી મેળવી પોતાના પશુઓનુ રક્ષણ કરી શકે છે.

આ શિબીરમાં પશુપાલકોને પશુઓના વિવિધ રોગોથી રક્ષણ માટે રસીકરણ ક્યારે કરાવવુ  તેના વિષે જ્ઞાન મળે છે. જેના કારણે યોગ્ય

ઋતુમાં અગમચેતીના ભાગ રૂપે પશુઓમાં  રસીકરણ કરાવી ખરવા – મોવાસા, ગળસુંઢો જેવા રોગોને ફેલાતા અટકાવી શકે છે.

**માન. અધ્યક્ષશ્રી**

છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં યોજેલ પશુપાલન શિબિરોની વિગતો આપુ તો....

- **ચોર્યાસી** તાલુકામાં **એક તાલુકા શિબિર**
- **ઓલપાડ** તાલુકામાં **એક તાલુકા અને એક જિલ્લા શિબિર**
- **કામરેજ** તાલુકામાં **ત્રણ તાલુકા શિબિર**
- **પલસાણા** તાલુકામાં **બે તાલુકા શિબિર**
- **બારડોલી** તાલુકામાં **બે  તાલુકા શિબિર**
- **મહુવા** તાલુકામાં **બે  તાલુકા શિબિર**
- **માંગરોળ** તાલુકામાં **ત્રણ  તાલુકા શિબિર**
- **ઉમરપાડા** તાલુકામાં **બે  તાલુકા શિબિર**
- **માંડવી** તાલુકામાં **એક તાલુકા અને એક જિલ્લા શિબિર**

આમ કુલ મળીને **૧૭ તાલુકા શિબિર** તથા **બે જિલ્લા શિબિર** યોજવામાં આવી

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિર દીઠ ખર્ચ માટે જોગવાઈ અંગે જણાવુ તો...**

એક તાલુકા પશુપાલન શિબિર દીઠ **રૂપિયા એક લાખ** અને એક જિલ્લા પશુપાલન શિબિર દીઠ રૂપિયા **એક લાખ પચાસ હજારના** ખર્ચની જોગવાઈ કરવામાં આવે છે

**અગ્રતા–૪**

**શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ)**

**પ્રશ્ન–૨ :** છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુપાલકોએ આ શિબિરોમાં લાભ લીધો ?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં તાલુકાવાર કેટલા પશુપાલકોએ લાભ લીધો તે અંગે જણાવુ તો...**

| **તાલુકાનું નામ** | **લાભાર્થીની સંખ્યા** | | |
|---|---|---|---|
| | **સ્ત્રી** | **પુરુષ** | **કુલ** |
| ચોર્યાસી | ૧૨૦ | ૧૮૦ | ૩૦૦ |
| ઓલપાડ | ૧૯૬ | ૫૦૪ | ૭૦૦ |
| કામરેજ | ૨૭૨ | ૬૨૮ | ૯૦૦ |
| પલસાણા | ૧૫૩ | ૪૪૭ | ૬૦૦ |
| બારડોલી | ૧૮૪ | ૪૧૬ | ૬૦૦ |
| મહુવા | ૬૩ | ૫૩૭ | ૬૦૦ |
| માંગરોળ | ૫૦૧ | ૪૯૯ | ૧૦૦૦ |
| ઉમરપાડા | ૨૧૧ | ૩૮૯ | ૬૦૦ |
| માંડવી | ૧૭૪ | ૫૨૬ | ૭૦૦ |
| કુલ | **૧૮૭૪** | **૪૧૨૬** | **૬૦૦૦** |

**અગ્રતા–૪**

**શ્રી સંદિપભાઇ દેસાઇ (ચોર્યાસી)**

**પ્રશ્ન-૩ : છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં યોજવામાં આવેલ પશુપાલન શિબિરમાં તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે**

**જવાબ:**

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો જણાવુ તો...**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૧.૦૦ |
| ૨ | ઓલપાડ | ૨.૫૦ |
| ૩ | કામરેજ | ૩.૦૦ |
| ૪ | પલસાણા | ૨.૦૦ |
| ૫ | બારડોલી | ૨.૦૦ |
| ૬ | મહુવા | ૨.૦૦ |
| ૭ | માંગરોળ | ૩.૦૦ |
| ૮ | ઉમરપાડા | ૨.૦૦ |
| ૯ | માંડવી | ૨.૫૦ |
| **કુલ** | | **૨૦.૦૦** |